**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૧/૦૧/૨૦૧૬ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી ૧૬૩ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૮,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૭/૧૬</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૮/૧૬</u>**

**અમરાઇવાડી :** જીતુભાઇ પાલજીભાઇ છાસીયા (રહે.ન્યુ નરસીહનગર, સ્વસ્તીક ચાર રસ્તા પાસે, અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૧/૧૬ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે એક ૩૦ વર્ષનાં આશરાનો સરદારજી (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ પોતાના ઘરે તીજોરીનું તાળુ રિપેરીગ કરવાના બહાને જીતુભાઇને વિશ્વાસમાં લઇ, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિમત રૂપિયા ૨,૮૫,૦૦૦/ લઇ જઇ, જીતુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૯/૧૬</u>**

**વાડજ :** આકાશભાઇ બીપીનભાઇ શાહ (રહે.આરાધના રેસીડન્સી, રંગકુંજ સોસાયટી નજીક, નારણપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧/૧૬ રાતના ૮/૦૦ થી રાતનાં ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન ઉસ્માનપુરા ચાર રસ્તા, જૈન મંદિર પાછળ આવેલ પોતાની ડેન્ટલ હોસ્પીટલનો મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ હોસ્પીટલમાં પ્રવેશ કરી, હોસ્પીટલમાંથી ડેન્ટલને લગતો કેનન કંપનીનો કેમેરો કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનું મંગળસૂત્ર ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૮૦/૧૬**

**કાગડાપીઠ** : હર્ષાબહેન નિમેશચંદ્ર દેસાઇ (ઉ.વ.૬૫)(રહે,લલીતા સોસાયટી, લોટ્સ સ્કુલની બાજુમાં, ઇસનપુર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૨/૧૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે અપ્સરા સિનેમાનો ઢાળ ઉતરતાં, બેંક ઓફ બરોડા નજીકથી પોતાના દિકરાનાં સ્કુટર ઉપર બેસી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ હર્ષાબહેનના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર કિંમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એલ.રોહિત ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૮૧/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** મદનલાલ દલારામ રેંગર (રહે.ભમરીયાનાં કાચા છાપરાં, સોલા બ્રીજ નીચે, સોલા) એ તા.૧૦/૧/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૧૫ રાતના ૯/૧૫ થી તા.૨૪/૧૨/૧૫ સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની સામે આવેલ પતરાનાં ગોડાઉનમાંથી કોઇ અજાણી વ્યક્તિ અલગ - અલગ કંપનીની ચપ્પલ બનાવવાની કુલ ૨૬૫ સીટ કુલ કિંમત રૂપિયા ૮૫,૭૫૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ શંકરલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૨/૧૬**

**રિવરફ્રંટ વેસ્ટઃ** ભાવેશ અમૃતલાલ સાહિયા (ઉ.વ.૪૦)(રહે.માધવા હોમ્સ, નિરાત ચોકડી, વસ્ત્રાલ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૦/૦૧/૧૬ બપોરનાં ૧૨/૫૫ વાગ્યાના સુમારે સાબરમતી રીવરફ્રંટના પશ્ચીમ છેડે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)